ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
... સંગ્રહ
૪૩૯૭

# પ્રસ્તાવના.

૧ ષોડશ ગ્રંથો પૈકી આ પુસ્તકાલય તરફથી યમુનાષ્ટક વગેરે ૩ ગ્રંથો બહાર પડેલા છે તેમાં ષોડશ ગ્રંથોની પ્રસ્તાવના આપેલી છે.

૨ છ માસમાં તેની ૧૬૦૦ નકલો ખપી જવાથી આ ગ્રંથોની ભાષા અને વિવેચન વૈષ્ણવ વર્ગમાં અનુકુળ જણાવાથી આ પાંચ ગ્રંથો બહાર પાડવાનુ બની શક્યું છે.

૩ ઉપરના ૩ ગ્રંથોની મુંબાઈના શેઠ રણછોડદાસ વરજીવનદાસ પેટલાદીએ ૫૦૦ નકલો, અમદાવાદના શેઠ મંગળદાસ ગિરધરલાલભાઈએ ૩૦૦ નકલો અને વીરમગામના એક વૈષ્ણવ તરફથી ૧૦૦ નકલો વૈષ્ણવોને ભેટ આપવા માટે ખરીદવામાં આવી છે. આવા સરળ ગ્રંથોનો ફેલાવો કરવામાં મદદ કરવા માટે તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનવામાં આવે છે. આશા છે કે બીજા ધનવાન ભાવિક વૈષ્ણવો તરફથી તેવી રીતે આ ગ્રંથોનો ફેલાવો થવામાં આ પુસ્તકાલયને મદદ મળશે.

સાધારણ ભણેલા માટે આ ગ્રંથ હોવાથી શ્લોકના વાંચનમાં સહેલાઈ થવા માટે સંધીના નિયમો બધે સાચવ્યા નથી.

સંવત ૧૯૬૯ના પોષ વદ ૧૧.

લેખક—
દાસાનુદાસ
**ગિરધર મૂળજી શાહ.**
રહેવાસી ધંધુકાના.
હાલ બરવાળા તાલુકા સ્કુલ માસ્તર
( તા. ધંધુકા )

સંગ નુકસાન કરતા છે, તે બાબતનો આ ગ્રંથ આધારે વિચાર કરતાં જણાય છે કે—

૩ અમૃત સમુદ્રસમ ભાવવાળા પ્રભુના દૂતની સમાન છે, તેવા (૧૯ મા ભાવમાં इ અને अ માં જણાવેલ) પ્રભુની ઇચ્છા અનુકુળ પોતાના મનની અનુકુળતા રાખનાર પૂર્ણ ભગવદીય શેષ, વ્યાસ, અગ્નિ, હનુમાન, જડભરત, નારદ, મૈત્રેય વીગેરેનો સમાગમ અતિ દુર્લભ છે. પણ કદાપિ તેવા ભાવવાળાનો સંગ ભાગ્યોદયથી થાય તો તેમના વચનામૃત સાંભળનારના અંતઃકરણમાં ઉત્તમ અસરપૂર્ણ ફળદાયી થાયછે.

૪ શુદ્ધોદક સમુદ્રસમ ભાવવાળા—પ્રભુ શરણાંગતનું રક્ષણ કરનાર છે, એવા ભાવવાળાનો સંગ સંસાર તાપથી શાંત કરે છે અને નિડર બનાવે છે. ( ૧૯ आ ભાવ )

૫ પ્રેમયુક્ત તથા સંદેહને મટાડનાર ભક્ત પંડિતોનો (સ્નેહ-ભાવ તથા અલૌકિક જ્ઞાનવડે હરિના ગુણ કહેનારનો સંગ (૧૩ મો ભાવ) તેમજ સ્થાવર જળાશય જેવા ભાવવાળા (૧૬ મો ભાવ)નો સંગ ભાવની વિશેષ વૃદ્ધિ કરે છે.

૬ (अ) અંતર નિષ્ટાવાળા સંદેહ નીવારક પંડિતોનો સંગ (૭ મો ભાવ).

(आ) સાધન વગેરે પ્રકારથી નવ પ્રકારની ભક્તિથી પૂર્ણ પ્રેમવાળા હોવાથી પ્રભુ ધર્મની સ્ફુરતીવાળાનો સંગ (૧૫ મો ભાવ).

જેનુ મન શ્રીકૃષ્ણુરસમાં ખુંચી ગયું હોય તે ભક્તિવર્દ્ધિની ગ્રંથમાં કહ્યા પ્રમાણે પ્રભુમાં આસક્તિની હદ સુધી પહોંચ્યો હોય તેને લૌકિક અને વૈદિક વ્યવહાર બધો બાધકરૂપ લાગે અને પ્રભુ વ્યસન દશાની શરૂઆત થઇ હોય તેઓ ભગવદ્દગુણુગાન શ્રવણુમાં ઉત્તમ મુખ્ય શ્રોતાજન છે.

**विक्लिन्नमनसो ये तु भगवत्स्मृतिविह्वलाः ॥**
**अर्थैकनिष्ठास्ते चापि मध्यमाः श्रवणोत्सुकाः ॥ २ ॥**

**મર્યાદા મધ્યમ શ્રોતાના ચાર વિશેષણુ છે.**

૧ **विक्लिन्नमनसः** વિશેષે કરીને આર્દ્ર (કોમળ) જેનું મન છે તેવા,

૨ **भगवत्स्मृतिविह्वलाः** જ્યારે ભગવાનની સ્મૃતિ મનમાં થાય તે વખતે મન વિકળ (ગાભરૂ) થાય તેવા,

૩ **श्रवणोत्सुकाः** ભગવાનના ગુણુગાનના શ્રવણુમાં ઉત્સાહવાળા,

૪ (**चये**) **अर्थैकनिष्ठाः** અર્થમાં મુખ્ય નિષ્ઠાવાળા,
અર્થ ( પ્રયોજન—મોક્ષનું પ્રયોજન, અથવા બીજી રીતે કૃતાર્થ થવાનું પ્રયોજન ) માં જેની નિષ્ટા છે તેવા,

**ते अपि मध्यमाः** તે મધ્યમ શ્રોતા છે.

મુખ્ય શ્રોતાનું મન શ્રીકૃષ્ણુરસમાં ચોંટી ગયું હોય છે, તે પ્રમાણે આ મધ્યમ શ્રોતાનું મન કાયમ ચોંટેલું હોતું નથી,

# જાહેર ખબર.

## ભેટ તરીકે વહેંચવા મંગાવનારને નીચે પ્રમાણે મળશે.

૧ યમુનાષ્ટક, વિવેકધૈર્યાશ્રય અને ભક્તિવર્દ્ધિની એ ૩ ગ્રંથો રોયલ ૫૦ રતલી કાગળો ૧૬ પેજી ૩ ફરમાનું ૪૮ પૃષ્ટનું પુસ્તક.

૧૦૦ નકલના ૩-૦-૦ મોકલવાનું ખર્ચ મંગાવનારને શિર.

૨ નવરત્ન, અંતઃકરણપ્રબોધ, જલભેદ, પંચપદ્યાનિ તથા ચતુઃશ્લોકી નામે ૫ ગ્રંથો ઉપર પ્રમાણે કાગળો ૧૬ પેજી ૪ ફરમાનું ૬૪ પૃષ્ટનું પુસ્તક.

૧૦૦ નકલના ૪-૦-૦ મોકલવાનું ખર્ચ મંગાવનારને શિર.

બંને જાતની ભેગી અથવા એક જાતની ૫૦૦ નકલો એક સાથે મંગાવનારને રેલવે ખર્ચે પુસ્તકાલય તરફથી આપવામાં આવશે.

---

## તૈયાર થાય છે.

ષોડશ ગ્રંથો પુરા-સરળ ભાષામાં સાધારણ ભણેલા વૈષ્ણવો માટે અષાડ માસમાં બહાર પડશે. કદ લગભગ ૨૫૦ પૃષ્ટ થશે.

અગાઉથી થનાર ગ્રાહકોને સાદા પુઠાના ૦-૪-૦ } ટપાલ ખર્ચ
પાકા પુઠાના ૦-૫-૦ } જુદું.

એકજ સ્થળના ૨૫ અથવા વધારે ગ્રાહકો થશે તો રેલવે ખર્ચે પુસ્તકાલય તરફથી મળશે. વૈશાક વદ ૦)) સુધીમાં નામ નોંધાવો—

